# ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી.

(ગુજરાત સરકારનું સાહસ)
ટેલીફોન નં.૦૭૯-૨૩૨૨૧૦૩૭, ૨૩૨૨૧૦૩૮, ફેક્ષ નં.૦૭૯-૨૩૨૨૨૭૦૭
સેકટર-૧૦.એ, 'ચ'રોડ, નવાસચિવાલય પાસે, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફેક્ષનં. ૨૩૨૨૦૩૪૧,૨૩૨૨૦૩૫૦

---

## ટેન્ડર ફોર્મ

રસીદ નંબર______________
તારીખ__________________
ફી ની રકમ___________
ટેન્ડર ઇસ્યુ કરનારની સહી________________

ગેસ સીલીન્ડર પરિવહન તથા વિતરણ માટેનું ટેન્ડર ફોર્મ (વર્ષ : ૨૦૧૮-'૧૯)(ગેસ સેન્ટર:નવરંગપુરા,સુરત)

૧. ટેન્ડરરનું નામ :__________________________________________
૨.સરનામું ટેલીફોન નં સહિત :__________________________________________
૨.(અ) પી.એફ. નંબર :__________________________________________
૩.અર્નેસ્ટમની વિગત પે-ઓર્ડર/ડી.ડી ભર્યા:________________________________
ની પહોંચ નંબર
૪.ટેન્ડરરની માલિકીના/ભાગીદારી પેઢીનાં:________________________________
વાહનોની વિગત
૪.(અ) ટ્રકની સંખ્યા :________________________________
૪.(બ) મેટાડોર/એસી અથવા લાઇટ કોમર્શીયલ:___________________________
વ્હીકલની વિગત
૪.(ક) લોડીંગ રીક્ષાની વિગત :__________________________________________
૪.(ડ) લોડીંગ પેડલ રીક્ષાની વિગત :__________________________________________

(ટેન્ડરરની સહી/સિક્કો)

# ગુજરાત રાજય નાગરિક પુરવઠાનિગમલિમિટેડ

(ગુજરાતસરકારનું સાહસ)
ટેલીફોન નં.૦૭૯-૨૩૨૨૧૦૩૭, ૨૩૨૨૧૦૩૮, ફેક્ષ નં.૦૭૯-૨૩૨૨૨૭૦૭
સેકટર-૧૦.એ, 'ચ'રોડ, નવાસચિવાલય પાસે, ગાંધીનગર-૩૮૨૦૧૦
Email:md-gscsc@gujarat.gov.in, Website:www.gscscl.gujarat.gov.in
Corporate Identity Number(CIN) : U65910GJ1980SGC003957


**રીવર્સ ઈ-ઓકશન પદ્ધતિથી પેટ્રોલ પંપો તેમજ ગેસ કેન્દ્રોની કામગીરીના રીવર્સ ઇ-ઓકશન ઈજારા સુપ્રત કરવા અંગે નોંધણી (રજીસ્ટ્રેશન) કરવા બાબત.**

વર્ષ ૨૦૧૮-૧૯ માટે નીચે મુજબના ઈજારાઓ સુપ્રત કરવા બાબતે રસ ધરાવતા ઈસમોને નોધણી કરાવવા જાહેર વિજ્ઞપ્તિ.

| અ. નં. | વિગત | અંદાજીત ઈજારાની સંખ્યા |
|---|---|---|
| ૧. | ગેસ ગોડાઉન/શો રૂમ ઉપર કંપનીમાંથી આવક થતાં ભરેલાસીલીન્ડરનું ટ્રક/વાહનમાંથી ઉતારી વજન કાંટા ઉપર ૧૦૦%વજન કરી ગેસ ગોડાઉન/શો રૂમ ઉપર ઇન્ચાર્જની સુચનાનુસારવ્યવસ્થિત થપ્પી કરી ગોઠવવાના એક સીલીન્ડરના ભાવ. | ૦૨ |
| ૨. | ગુજરાત સ્ટેટ સીવીલ સપ્લાઇઝ કોર્પોરેશન લી.ના શહેર ગોડાઉન ખાતેના ગોડાઉન સેન્ટર પરથી ભરેલા ગેસ સીલીન્ડરની થપ્પીમાંથીભરેલા ગેસ સીલીન્ડર નવરંગપુરા અમદાવાદના શાહીબાગ ગોડાઉન/સુરતખાતે સહારા ગોડાઉન-રીંગરોડ પાસેથી આવેલ નિગમસંચાલિત ગેસ કેન્દ્ર સુધી ભરેલા સીલીન્ડર લઇ જવાનો અને ગ્રાહકોનાંરહેઠાણ સુંધી ગેસ કેન્દ્રમાંથી મળેલ સુચનાનુસાર પહોંચતા કરી ફીટીંગકરવા સાથેનાં તથા ગ્રાહકનાં રહેઠાણથી કેપ સહિત ખાલી સીલીન્ડર પરતમેળવી તથા ભરેલા ગેસ સીલીન્ડરની રકમ ગ્રાહક પાસેથી મેળવી ગેસકેન્દ્રએ લાવી ગેસ કેન્દ્રની સુચનાનુસાર રોજે રોજ રકમ જમા કરાવી ગેસ કેન્દ્રખાતેના સ્ટોરેજ ગોડાઉન સેન્ટરમાં ખાલી સીલીન્ડર વ્યવસ્થિત થપ્પી કરી ગોઠવવાના એક સીલીન્ડરનો ભાવ. | ૦૨ |
| 3. | નોન ડોમેસ્ટીક સીલીન્ડર (૧૯૫૯) ગુજરાત સ્ટેટ સીવીલ સપ્લાઇઝના ગોડાઉન સેન્ટર પરથી થપ્પીમાં ભરેલ ગેસ સીલીન્ડરો નવરંગપુરા ગેસ સેન્ટર અમદાવાદ,સુરત ખાતે નિગમ સંચાલિત ગેસ કેન્દ્ર સુંધી લઇ જઇ ગ્રાહકના બીલમાંજણાયેલ સરનામેથી ખાલી સીલીન્ડર પરત મેળવી ગેસ ગોડાઉન ખાતે જમા કરાવવાનો એક સીલીન્ડરનો ભાવ. | ૦૨ |

ઉપરોક્ત ઈજારાઓની કામગીરીઅન્વયે જરૂરી ઓનલાઈન રજીસ્ટ્રેશન ઈ-ઓકશન પોર્ટલ https://gscsc-eauction.nprocure.comઉપર તારીખ ૨૧/૦૪/૨૦૧૮ સુધીમાં જરૂરી દસ્તાવેજો સ્કેન કરી (અપલોડ) કરવાના રહેશે તેમજ અપલોડ કરાવેલ વિગતો તેમજ દસ્તાવેજો ની સ્વ-પ્રમાણિત નકલ જરૂર જણાયે પુરા પાડી ખરાઈ અર્થે મૂળ નકલ બતાવવાની રહેશે.

**તા. ૩૧/૦૩/૨૦૧૮ જનરલ મેનેજર**
**ગાંધીનગર.**

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી.
(ગુજરાત સરકારનું સાહસ)
ટેલીફોન નં.૦૭૯-૨૩૨૨૧૦૩૭, ૨૩૨૨૧૦૩૮, ફેક્ષ નં.૦૭૯-૨૩૨૨૨૭૦૭
સેકટર-૧૦.એ, 'ચ'રોડ, નવાસચિવાલય પાસે, ગાંધીનગર-૩૮૨૦૧૦

ગેસ કેન્દ્ર: નવરંગપુરા,સુરત ગેસ સીલીન્ડર પરિવહન તથા વિતરણ કરવા અંગેના માર્ગદર્શક સુચનો.

**ટેન્ડરસાથેરજુકરવાનાદસ્તાવેજો (ગેસકેન્દ્રમાટે)**

૧. ટેન્ડરરભાગીદારીપેઢીહોયતોભાગીદારીદસ્તાવેજનીનકલસામેલરાખવાનીરહેશે.

૨.ટેન્ડરરેપોતાની/ભાગીદારીપેઢીનીટ્રકો/મેટાડોર/એફ્સી/લાઇટવ્હીકલ/લોડીંગઓટોરીક્ષાજેવાવાહનોમાટેઆર.ટી.ઓ. દ્વારાપ્રમાણિતથયેલમાહિતી (રજી.બુક) રજુકરવાનીરહેશે. આવાહનોચાલુહાલતમાંછે.તેબાબતનુંપ્રમાણપત્રઆપવાનુંરહેશે.

3.ટેન્ડરરનીપોતાનીપેડલરીક્ષાઓનીસંખ્યાતથાજરૂરિયાતપ્રમાણેનીપેડલરીક્ષાઓમેળવવાનીજવાબદારીટેન્ડરરનીરહેશેતથા પેડલરીક્ષાનાંરજિ.નંબરોજણાવવાનારહેશે.

૪.રીજીયોનલપ્રો.ફંડકમિશ્નરશ્રીનીકચેરીમાંનોંધણીકરાવ્યાઅંગેનુંપ્રમાણપત્રસામેલકરવાનુંરહેશે.

૫. ટેન્ડરરેજોભાગીદારીપેઢીકો.ઓ. સોસાયટી,એજંન્સીવિગેરેહોયતેવાકિસ્સામાંટેન્ડરરેસેન્ટ્રલએકસાઇઝએન્ડકસ્ટમકચેરીમાંથીસર્વિસટેક્ષનુંરજિસ્ટ્રેશનમેળવેલનંબર અથવામેળવવામાટેકરેલઅરજીનીનકલસામેલરાખવાનીરહેશે /જીએસટી રજીસ્ટ્રેશનનંબરની નકલ

3 અર્નેસ્ટમની તથા ડીપોઝીટ બાબતે:

**3: અર્નેસ્ટમની ડિપોઝીટ:-**

(3.૧) ટેન્ડર ભરનારે નીચે મુજબ ટેન્ડર અર્નેસ્ટમની ડિપોઝીટ તરીકે જમાં કરાવવાના રહેશે.

| **અનું.નં** | ગેસ કેંદ્ર | **ઇએમડીની રકમ(રૂ.)** |
|---|---|---|
| ૧ | ગેસ કેંદ્ર , સુરત | ૧૦,000/- |
| ૨ | નવરંગપુરા , અમદાવાદ | ૧૦,000/- |
| | | |

જે-તે ગેસ કેંદ્ર માટે ટેન્ડરમાં ઉપર જણાવ્યા મુજબ નિયત કરેલ અર્નેસ્ટમની ડીપોઝીટ ની રકમક્રેડિટકાર્ડ, ડેબીટકાર્ડ, નેટ બેન્કીંગ, RTGS, NEFT મારફતે ઈ-ઓકશન પોર્ટલ ( https://gscsc-eauction.nprocure.com)ના ઈ-વોલેટના ટ્રાન્સફર પેમેન્ટ ગેટવે થી જ જમા કરાવવાના રહેશે. ડ્રાફ્ટ/પે-ઓર્ડર કે અન્ય કોઇપણ રીતે ટેન્ડર ફીની રકમ કે અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ જમા કરાવી શકાશે નહિ.

ટેન્ડરર દ્વારા ઈ-ઓકશનમાં ભાગ લીધા બાદ એલ-૧ જાહેર થશે તો તે ટેન્ડરરની અર્નેસ્ટમ મની ડીપોઝીટની રકમ બ્લોક થઇ જશે. જયારે તે સિવાયના અન્ય ટેન્ડરરોની અર્નેસ્ટમ મની ડીપોઝીટની રકમ આપોઆપ તેઓના ઈ-વોલેટમાં પરત થઇ જશે જે તેઓ અન્ય ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે ઉપયોગ કરી શકશે.

3.૨ **e-auction** બીડ રજુ કરતા પહેલા ટેન્ડર અર્નેસ્ટમની ડીપોઝીટ **RTGS, NEFT** ટ્રાન્સફરથી જમા કરવામાં આવશે નહિ તો તેવા ટેન્ડર રદ કરવામાં આવશે , કોર્પોરેશન પાસે બાકી નીકળતી કોઇપણ લેણા ની રકમ ટેન્ડર ડીપોઝીટ તરીકે ગણી લેવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહિ.

3.3 કોઇપણ ટેન્ડરર તેમનું e-auction નિયત સમયમાં ભરીને આપ્યા પછી તેમનું e-auction ન ખોલવાની કે પરત લેવા માટેની તેમની લેખિત/મૌખિક રજૂઆત માન્ય રાખવામાં આવશે નહિ તેમજ જેટલા e-auction બીડ આવ્યા હોય તે તમામ નિયમાનુસાર e-auction નિયત સમયમર્યાદા પૂર્ણથતા ખોલવામાં આવશે તે તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

૩.૪ e-auction પદ્ધતિ પૂર્ણ થયા બાદ કોઈ ટેન્ડરર તેમના ભાવ પાછા ખેંચી લઇ શકશે નહિ. જો ટેન્ડરર તેમ કરશે તો તેમની અર્નેસ્ટમની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે અને આવા ટેન્ડરરને વર્ષ ૨૦૧૮-૧૯ના ઈજારા માટે લાયક ગણવામાં આવશે નહિ.

૩.૫ જે ટેન્ડરર ભાવ સ્વીકારવામાં આવશે તે પછીના ક્રમમાં ભાવો આપનાર એલ.૧ સિવાયના અન્ય ટેન્ડરરોની ટેન્ડર અર્નેસ્ટમની ડીપોઝીટ e-auction પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પરત કરવામાં આવશે. જે-તે ગેસ કેન્દ્રો માટે એકથી વધુ ઈજારા સુપ્રત કરી શકાશે જેથી તેવા ઈજારદારે અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ જાણ કર્યેથી તુર્તજ જમા કરાવવાની રહેશે. જો તેમ નહિ કરવામાં આવે તો તેઓને વર્ષ દરમિયાનનલેબરની કામગીરી માટે ગેરલાયક ગણવામાં આવશે.

૩.૬ સદર ટેન્ડર માન્ય રહેથી ટેન્ડર ડિપોઝીટની રકમની સીક્યોરીટી ડિપોઝીટતરીકે કરારનામાં દર્શાવી રજુ કરવાની રહેશે.

| **અનું.નં** | ગેસ કેંદ્ર | સિક્યોરિટીડીપોઝીટ**ની રકમ(રૂ.)** | વર્ષ ૨૦૧૭-૧૮માં થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ગેસ કેંદ્ર , સુરત | ૧,૩૫,000/- | ૧૩,૧૧,0૨૯/- |
| ૨ | નવરંગપુરા , અમદાવાદ | ૫0,000/- | ૫,૨0,૧૫0/- |
| | | | |

જેમનું ટેન્ડર માન્ય રાખવામાં આવશે તેવા ટેન્ડરરને જાણ કર્યાની તારીખથી દિવસ-૭ સુધીમાં જરૂરી સિક્યોરિટી ડીપોઝીટ જમા કરાવી નિયત નમૂનામાં કરારનામું જિલ્લા મેનેજરશ્રી(ગ્રેડ-૧) અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી/સીટી મેનેજરશ્રી સાથે કરવાનું રહેશે. સાત દિવસ બાદ કરારખત કરવાના સંજોગોમાં બીજા દિવસથી પ્રતિ દિન રૂ. ૧000/- (અંકે રૂ. એક હજાર પુરા) નો દંડ કરવામાં આવશે. આ જોગવાઈનો લાભ કરારખત કરવા માટે આપેલ સમય મર્યાદા ઉપરાંત દિવસ ૭ –સાત સુધીજ મળવા પાત્ર રહેશે. ત્યારબાદ આ જોગવાઈનો લાભ મળશે નહિ. આ રીતે આપેલ સમયમર્યાદામાં જરૂરી સલામતી થાપણ જમા કરાવી નિયત નમૂનામાં કરારખત નહિ કરનાર ટેન્ડરરની ટેન્ડર અર્નેસ્ટમની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તેમજ આવા ટેન્ડરરને ભવિષ્યની કામગીરી માટે ગેરલાયક ગણવામાં આવશે અને તેના ખર્ચે અને જોખમે કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

(ટેન્ડરરની સહી/સિક્કો)

નામ :
ઓથોરીટી
મો. નં.

૪. <u>ટેન્ડર સાથે રજુ કરવાના દસ્તાવેજો</u>:

૪.૧ ટેન્ડરર ભાગીદારી પેઢી હોય તો ભાગીદારી દસ્તાવેજની નકલ સામેલ રાખવાની રહેશે.

૪.૨ ટેન્ડરરે પોતાની/ભાગીદારી પેઢીની ટ્રકો/મેટાડોર/એક્ઝ઼ી/લાઇટ વ્હીકલ/લોડીંગ ઓટો રીક્ષા જેવા વાહનોમાટે આર.ટી.ઓ. દ્વારા પ્રમાણિત થયેલ માહિતી (રજી.બુક) રજુ કરવાની રહેશે. આ વાહનો ચાલુ હાલતમાં છે.તે બાબતનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

૪.3 ટેન્ડરરની પોતાની પેડલ રીક્ષાઓની સંખ્યા તથા જરૂરિયાત પ્રમાણેની પેડલ રીક્ષાઓ મેળવવાની જવાબદારીટેન્ડરરની રહેશે તથા પેડલ રીક્ષાનાં રજિ.નંબરો જણાવવાના રહેશે.

૪.૪ રીજીયોનલ પ્રો.ફંડ કમિશ્નરશ્રીની કચેરીમાં નોંધણી કરાવ્યા અંગેનું પ્રમાણપત્ર સામેલ કરવાનું રહેશે.

૪.૫ ટેન્ડરરે જો ભાગીદારી પેઢી કો.ઓ. સોસાયટી,એજંન્સી વિગેરે હોય તેવા કિસ્સામાં ટેન્ડરરે સેન્ટ્રલ એકસાઇઝએન્ડ કસ્ટમ કચેરીમાંથી સર્વિસ ટેક્ષનું રજિસ્ટ્રેશન મેળવેલ નંબર અથવા મેળવવા માટે કરેલ અરજીની નકલસામેલ રાખવાની રહેશે.

૫. <u>ટેન્ડરના ભાવો</u>

૫.૧ ટેન્ડરના ભાવો (એલપીજી/કોમર્શીયલ) ગેસ સીલીન્ડરનાં ૧૦૦% વજન કરવાના, ભરેલા તથા ખાલીસીલીન્ડર પરિવહન તથા હોમ ડીલીવરી કરવા અંગેના આપવાના રહેશે. (ટેન્ડર ફોર્મ અ.નં ૫(અ) થી ૫(ક)માં ભાવો દર્શાવવાના રહેશે) નવરંગપુરા ગેસ/સુરત સેન્ટરના ડીલીવરી કરવાના સ્થળોનો ઊંડાણ પૂર્વક અભ્યાસકરી ગોડાઉન સેન્ટરથી ડીલીવરી કરવાના ભાવ આપવાના રહેશે.

## ૫. <u>રીવર્સ ઈ-ઓકશન બીડ:-</u>

રીવર્સ ઈ-ઓકશન બીડ  મજુરી કામના ઈજારા માટે રીવર્સ ઈ-ઓકશન શીડયુલ  માં જણાવ્યા મુજબના તારીખ અને સમય મર્યાદામાં રીવર્સ ઈ-ઓકશન પદ્ધતિ અનુસાર ઓનલાઈન જ રજુ કરવાના રહેશે. રીવર્સ ઈ-ઓકશન પદ્ધતિથી ઓનલાઈન ભાવો પણ કોઇપણ કારણસર ટેન્ડરર ભરી શકશે નહિ તો તેમનું ટેન્ડર માન્ય ગણાશે નહિ.

(૫.૧) **<u>રીવર્સ ઈ-ઓકશનમાં ભાગ લેવા બાબત:-</u>**

રીવર્સ ઈ-ઓકશન પદ્ધતિથી ભરેલ ભાવ ઈ-ઓકશન સમય મર્યાદામાં એકથી વધુ વાર આપી શકશે અને જે તે ઓકશનમાં ટેન્ડરરે અગાઉ ભરેલ ભાવ થી ઓછા ભાવ ઓછામાં ઓછા ઘટાડાના ગુણાંકમાં ઘટાડા મુજબ કરવાના રહેશે. અગાઉના ભાવથી ઘટાડવામાં આવેલ ભાવમાં વધારો કરી શકાશે નહિ.

૬. **<u>ટેન્ડરના ભાવ અંગે સમય મર્યાદા</u>** :

e-auction માં આપેલ ભાવો  e-auction પૂર્ણ થયાની તારીખ થી  <u>૯૦(નેવું)</u> દિવસ સુધી અમલી ગણાશે અને આ સમય દરમિયાન ટેન્ડરર તેમના ભાવો પાછા ખેંચી શકશે નહિ, સમયના અર્થઘટન અંગે ઇન્ડિયન લીમીટેશન એક્ટની જોગવાઈઓ લાગુ પડશે.

**<u>૭ટેન્ડરની સ્વીકૃતી:-</u>**

(૭.૧) ટેન્ડરમાં આવેલ ભાવો મંજૂર કર્યા અંગેની લેખિત જાણ જે-તે ટેન્ડરરને કરવામાં આવશે.આવી

જાણ સામાન્ય રીતે હાથોહાથ, આર.પી.એ.ડી.,યુ.પી.સી.,ટપાલ દ્વારા કરવામાં આવશે. ટપાલ મળવામાં વિલંબ થાય તો તે માટે કોર્પોરેશન જવાબદાર રહેશે નહી.

(૭.૨) કોઈપણ ટેન્ડર પૂરેપૂરૂ સ્વીકારવું અગર તો એક થી વધુ ટેન્ડરના ભાવો માન્ય રાખવાનો કોર્પોરેશનને અબાધિત હકક રહેશે અને આ રીતે મંજૂર થયેલા ટેન્ડરો તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

(૭.3) શક્ય હશે ત્યાં સુધી એક ટેન્ડરના ભાવો મંજૂર કરવા પ્રયત્ન કરવામાં આવશે છત્તાં કોર્પોરેશનને યોગ્ય લાગે તો અલગ-અલગ કામગીરી માટે એક કરતા વધારે કોંટ્રાક્ટરની નિમણૂંક કરી શકશે અને તે તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

(૭.૪) કોઈપણ ટેન્ડર સ્વીકરવું અગર તો તમામ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો કોર્પોરેશનને અબાધિત હકક રહેશે આમાં સૌથી નીચા ભાવનું ટેન્ડર સ્વીકારવું કે નહી તેનો પણ સમાવેશ થાય છે.

(૭.૫) કોર્પોરેશન જરૂર પડે અન્ય જે કોઈ કે જે ટેન્ડરની શરત અનુસાર જરૂરી હોય તેમજ સરકારશ્રી દ્વારા ઘડવામાં આવેલ કાયદાઓના પાલન માટે પણ જરૂરી હોય,તે દસ્તવેજો માંગવામાં આવે તો માંગ્યા તારીખથી દિન-૩ (ત્રણ)માં રજૂ કરવાના રહેશે.જેમાં નિષ્ફળ જનાર ટેન્ડરરનું ટેન્ડર રદ કરવાનો કોર્પોરેશનને અધિકાર રહેશે.

(૭.૬) રજીસ્ટ્રેશન માટે e-auction પોર્ટલ ઉપર બીડેલ પ્રમાણિત કરેલ દસ્તાવેજો ઓનલાઈન જોવામાં આવશે. અને જો કોઇ ઉણપ જણાશે કે દર્શાવેલ માહિતી ખોટી અથવા અધુરી જણાશે અથવા દર્શાવેલ પ્રમાણપત્રો પુરા પાડવા ઈ-મેઈલથી જણાવવામાં આવશે જેની ક્ષતિપુર્તતા તાત્કાલિક ઈ-મેઈલથી કરવાની રહેશે. જે ટેન્ડરર દ્વારા નહિ કરવામાં આવે તો તેવા ટેન્ડરરનું રજીસ્ટ્રેશન અમાન્ય ગણવા માટે વિચારણા કરી શકાશે અને તે અંગે નો આખરી નિર્ણય ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

(૭.૭)ઈજારો મંજુર થયે કોન્ટ્રાકટરે કરારખતની શરતમાં ઉલ્લેખ કર્યા મુજબના એક મુકાદમ (સુપરવાઈઝર) તથા ઓછામાં ઓછા મજુરોગેસ કેંદ્રરોજીંદી કામગીરી માટે પુરા પાડવાના રહેશે. આ ઉપરાંત નાયબ જિલ્લા મેનેજરશ્રી(ગ્રેડ.૨) અને ગેસ કેંદ્ર મેનેજર જણાવે તે પ્રમાણે અને તેટલી સંખ્યામાં વધારાના મજુરો પુરા પાડવાના રહેશે.

નિગમ દ્વારા રોજેરોજ જેટલી મજુરો પુરા પાડવાનું જણાવવામાં આવે તે કરતા ઈજારદાર દ્વારા જેટલામજુરોઓછા પુરા પાડવામાં આવશે તેટલા મજુરો માટે પ્રતિ દિન/પ્રતિ મજુર દીઠ રૂ. ૫૦૦/- ની પેનલ્ટી(દંડ) કરવામાં આવશે. જે તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

તારીખ: (ટેન્ડરરની સહી/સિક્કો)

નામ :

ઓથોરીટી

મો. નં

| ૫ | કામગીરીની વિગત | એક સીલીન્ડર દીઠ ભાવ રૂ. પૈસા |
|---|---|---|
| ૫(અ) | ગેસ ગોડાઉન/શો રૂમ ઉપર કંપનીમાંથી આવક થતાં ભરેલા સીલીન્ડરનુ ટ્રક/વાહનમાંથી ઉતારી વજન કાંટા ઉપર ૧૦૦%વજન કરી ગેસ ગોડાઉન/શો રૂમ ઉપર ઇન્ચાર્જની સુચનાનુસારવ્યવસ્થિત થપ્પી કરી ગોઠવવાના એક સીલીન્ડરના ભાવ.<br><br>(નવરંગપુરા અમદાવાદના શાહીબાગ ગોડાઉન ખાતેથી તેમજ સુરતના સહારા ગોડાઉન-રીંગરોડ ખાતેથી જે લાગુ પડતું હોય તે મુજબ ભાવ ભરવા) | |
| ૫(બ) | ગુજરાત સ્ટેટ સીવીલ સપ્લાઇઝ કોર્પોરેશન લી.ના શહેર ગોડાઉનખાતેના ગોડાઉન સેન્ટર પરથી ભરેલા ગેસ સીલીન્ડરની થપ્પીમાંથી ભરેલા ગેસ સીલીન્ડર નવરંગપુરા અમદાવાદ/સુરત ખાતે આવેલ નિગમસંચાલિત ગેસ કેન્દ્ર સુધી ભરેલા સીલીન્ડર લઇ જવાનો અને ગ્રાહકોનાં રહેઠાણ સુધી ગેસ કેન્દ્રમાંથી મળેલ સુચનાનુસાર પહોંચતા કરી ફીટીંગ કરવા સાથેનાં તથા ગ્રાહકનાં રહેઠાણથી કેપ સહિત ખાલી સીલીન્ડર પરતમેળવી તથા ભરેલા ગેસ સીલીન્ડરની રકમ ગ્રાહક પાસેથી મેળવી ગેસકેન્દ્રએલાવી ગેસ કેન્દ્રની સુચનાનુસાર રોજે રોજ રકમ જમા કરાવી ગેસ કેંદ્ર ખાતેના સ્ટોરેજ ગોડાઉન સેન્ટરમાં ખાલી સીલીન્ડર વ્યવસ્થિત થપ્પી કરી ગોઠવવાના એક સીલીન્ડરનો ભાવ.<br><br>(નવરંગપુરા અમદાવાદના શાહીબાગ ગોડાઉન ખાતેથી તેમજ સુરતના સહારા ગોડાઉન-રીંગરોડ ખાતેથી જે લાગુ પડતું હોય તે મુજબ ભાવ ભરવા) | |
| ૫(ક) | નોન ડોમેસ્ટીક સીલીન્ડર (૧૯૫૯) ગુજરાત સ્ટેટ સીવીલ સપ્લાઇઝના ગોડાઉન સેન્ટર પરથી થપ્પીમાં ભરેલ ગેસ સીલીન્ડરો નવરંગપુરા ગેસ સેન્ટર અમદાવાદ/સુરત ખાતે નિગમસંચાલિત ગેસ કેન્દ્ર સુંધી લઇ જઇ ગ્રાહકના બીલમાં જણાયેલ સરનામેથી ખાલી સીલીન્ડર પરત મેળવી ગેસ ગોડાઉન ખાતે જમા કરાવવાનો એક સીલીન્ડરનો ભાવ.<br><br>(નવરંગપુરા અમદાવાદના શાહીબાગ ગોડાઉન ખાતેથી તેમજ સુરતના સહારા ગોડાઉન-રીંગરોડ ખાતેથી જે લાગુ પડતું હોય તે મુજબ ભાવ ભરવા) | |

(ટેન્ડરરની સહી/સિક્કો)

-: <u>ગેસ સેન્ટર,નવરંગપુરા,સુરતની કામગીરીની વિગત:-</u>
નવરંગપુરા ગેસ કેન્દ્ર, અમદાવાદ/સુરત ઉપરાંત જે જણાવવામાં આવે તે વિસ્તાર.

આમ અ.નં ૫(અ), ૫(બ), ૫(ક) માં જણાવ્યા મુજબની કામગીરી વિગતમાં દર્શાવેલ ગ્રાહકનાં રહેઠાણ શબ્દનો અર્થ એટલે કે ઉપર જણાવ્યા મુજબનાં વિસ્તારમાં અન્યથા ઉપરોક્ત સિવાયનાં અન્ય કોઇપણ વિસ્તારમાં ગ્રાહકના રહેઠાણ સુંધી ભરેલ ગેસ સીલીન્ડર પહોંચાડવાના અને ફીટ કરવાના એ પ્રમાણે રહેશે.

આમ ઉપરનાં ભાવો અમોએ ટેન્ડર નોટિસની માર્ગદર્શક સુચનાઓ તથા સામાન્ય શરતો સંપૂર્ણપણે વાંચી, સમજીને આપેલ છે,જે અમોને કબુલ/મંજુર છે.

તારીખ:______________

(ટેન્ડરરની સહી/સિક્કો)

## :કરારનો નિયત નમૂનો:

લખી આપનાર:______________________

લખાવી લેનાર: ગુજરાત સ્ટેટ સિવીલ સપ્લાઇઝ કોર્પોરેશન લીમીટેડ
નવરંગપુરા, અમદાવાદ/સુરત

ગુજરાત સ્ટેટ સિવીલ સપ્લાઇઝ કોર્પોરેશન લીમીટેડ દ્વારા નિગમ સંચાલિત નવરંગપુરા/સુરતખાતેના ગેસ કેન્દ્ર માટે તા.__________થી તા.___________સુંધીના સમય માટે એલપીજી/કોમર્શીયલ ભરેલા સીલીન્ડરો ગોડાઉનથી નવરંગપુરા, અમદાવાદ/સુરત ગેસ કેન્દ્ર સુંધી લઇ જવાના અને નવરંગપુરા વિસ્તારને આવરી લેતાં વિસ્તારમાં આવેલા ગ્રાહકોના નિવાસ સુંધી ગેસ કેન્દ્રમાંથી મળેલ સુચના અનુસાર પહોંચતા કરવાના તથા ગ્રાહકના નિવાસ સ્થાનેથી ખાલી સીલીંડરો સીટી કેમ્પ ગોડાઉન અમદાવાદ/સુરત ખાતે પરત લાવવાની કામગીરી માટે કરારથી ડીલીવરી બોય પુરા પાડવા માટેના ટેન્ડરો બહાર પાડવામાં આવતાં અમોએ નીચે દર્શાવેલ શરતોએ કામગીરી કરવાની દરખાસ્ત કરી હતી, આ ટેન્ડર માન્ય રહેતા અમો કામગીરી તે શરતોએ કરવાનું સ્વીકારીએ છીએ.ટેન્ડર ફોર્મ સાથે આપવામાં આવેલી માર્ગદર્શક સુચનાઓ તથા શરતો અમોને બંધનકર્તા રહેશે તે અમો સ્વીકારીએ છીએ.

<u>કરારની શરતો</u>

(૧) નિગમના ગેસ સીલીન્ડર માટે પરિવહન અને વિતરણ કરવાનું તથા ભરેલા ગેસ સીલીન્ડરો વિતરણ કોન્ટ્રાકટરેનિગમના શાહીબાગ ગોડાઉન ખાતેથી નિગમના અધિકૃત અધિકારીશ્રીની સુચના મુજબ લેવાના રહેશે અનેસુચના મુજબ ગેસ કેન્દ્રના ગ્રાહકોને સીધા પહોંચતા કરવાના રહેશે.વધુમાં ગ્રાહકો પાસેથી લેવાના થતાઆઇ.ઓ.સી.કંપની ના ખાલી સીલીન્ડરો લઇને નિગમના ઉપરોક્ત ગોડાઉન ખાતે પહોંચતા કરી નિયત જગ્યાએગોઠવવાના રહેશે.

(૨) કોન્ટ્રાકટરે ગ્રાહકોને ભરેલ સીલીન્ડરની ડીલીવરી આપતે વખતે ગ્રાહક પાસેથી લેવાની થતી બીલ મુજબની રકમવસુલ કરી અને પુરેપુરી તે જ દિવસે નિગમના ગેસ કેન્દ્ર ખાતે જમ કરાવવાની રહેશે.

(૩) ભરેલા તથા ખાલી સીલીન્ડરો નિગમના ગોડાઉન ખાતેથી લેતી વખતે કોન્ટ્રાકટરે અથવા તેમનાપ્રતિનિધિએ સીલીન્ડરનું સીલ્સ સહીસલામત છે કે કેમ? તેની ખાત્રી કરી લેવાની રહેશે અને ગ્રાહકોને સીલબંધસીલીન્ડર પહોંચતા કરવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. આ બાબતની ગ્રાહકોની કોઇ ફરીયાદ હશે તો તેઅંગેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

(૪) આ કરાર અન્વયે સદરહુ ગેસ સીલીન્ડરના પરિવહન અને વિતરણની કામગીરી માટે જરૂર હોય તેટલા પ્રમાણમાંકર્મચારીઓ રાખવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

(૫) કોન્ટ્રાકટરે દિવસ દરમ્યાન વિતરણ કરેલા સીલીન્ડરના બીલના વસુલ કરેલા નાંણા તે જ દિવસે સાંજે નિગમનાગેસ કેન્દ્ર ખાતે રોજે રોજ જમાં કરાવી તેનો હિસાબ આપવાનો રહેશે. કોન્ટ્રાકટરે સદરહુ કરારની કામગીરી પેટેઆપવાના થતા કમીશન/ મહેનતાણાની રકમ ગેસ સીલીન્ડરના બીલના વસુલ કરેલા નાંણામાંથી બાદ કરી શકશેનહી. કોન્ટ્રાકટરને સદરહુ કામગીરી માટે આપવાના થતા કમીશનની રકમ બાબતનું બીલ દર માસે ગેસકેન્દ્રમાં રજુ કરવાનું રહેશે અને બીલની વિગતોની ચકાસણી કર્યા બાદ આપવાની નિકળતી રકમ કોન્ટ્રાકટરનેનિગમ દ્વારા ચુકવી આપવામાં આવશે.

(૬) કોન્ટ્રાકટરે તેના સદરહુ કામ માટે રાખેલા તેમના કામદારોને યુનિફોર્મ પોતાના ખર્ચે પુરો પાડવાનો રહેશે અનેગેસ સીલીન્ડરના પરિવહન અને વિતરણની કામગીરી દરમ્યાન કોન્ટ્રાકટરના કામદારો નિયત કરેલા યુનિફોર્મરે તે જોવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

(૭) કોન્ટ્રાકટરે વિતરણ કામ માટે રાખેલ કામદારોને ફોટા સહિતનું ઓળખપત્ર આપવાનું રહેશે.સદરહુ ઓળખપત્રનાકામદારોને પાસપોર્ટસાઇઝના ફોટા સહિત કોન્ટ્રાકટરના જે તે કામદારના નામ સરનામું વિગેરે વિગતોદર્શાવવાની રહેશે. કોન્ટ્રાકટરે

સદરહુ ઓળખપત્રની એક નકલ પાસપોર્ટ સાઇઝના ફોટા સહિત નિગમના તેનારેકર્ડ માટે આપવાની રહેશે

(૮) કોન્ટ્રાકટરે સદરહુ પરિવહન અને વિતરણ અંગેની કામગીરી માટે રાખેલા તેમના કામદારોને જરૂર પડે અથવાનિગમ તરફથી સુચના આપવામાં આવે ત્યારે ઓઇલ કંપનીના પ્લાન્ટમાં ટેકનીકલ તાલીમ માટે કોન્ટ્રાકટરનાખર્ચે મોકલવાના રહેશે.

(૯) ઉપરોક્ત ગેસ સીલીન્ડરના પરિવહન અને વિતરણની કામગીરી માટે કોન્ટ્રાકટરને નિગમ ગેસ સીલીન્ડર દીઠરૂ.પૈસા નું કમીશન ચુકવશે. આ કમીશન કોન્ટ્રાકટર દ્વારા નિગમના ગેસ ગોડાઉન ખાતેથી ભરેલા ગેસસીલીન્ડરો તેમના પોતાના વાહનોમાં ગ્રાહકોને ત્યાં પહોંચતા કરી અને તેના બદલામાં પરત લેવાનું સીલીન્ડર તેજ કંપનીનું પ્લાસ્ટીકની કેપ સહિતનુ લઇને નિગમના ગોડાઉન ખાતે પરત લાવી જે તે અધિકૃત અધિકારીશ્રીનીસુચના મુજબ નિયત જગ્યાએ ગોઠવવાની કામગીરી પેટે ચુકવવાનું રહેશે

(૧૦) કોન્ટ્રાકટરે દરરોજ સવારે જેટલા ભરેલા સીલીન્ડરો મેળવ્યા હોય તેટલા જ ખાલી સીલીન્ડરો સાંજે પરતકરવાના રહેશે. જો કોઇ કારણસર સીલીન્ડરના જથ્થામાં ફેરફાર આવે તો એક સીલીન્ડર દીઠ રૂ.૧૫૦૦/-અથવાકંપની દ્વારા જે દંડ કરવામાં આવે તે કોન્ટ્રાકટર પાસેથી વસુલ કરવામાં આવશે.આ રકમ ઘટ પડેલ હોય તેપછીના બીલમાંથી જ કાપી લેવાની રહેશે.

(૧૧) ગેસ કેન્દ્ર તરફથી સુચવવામાં આવેલ ગ્રાહક સિવાયના અન-અધિકૃત ગ્રાહકોને સીલીન્ડરો પહોંચાડેલ હોવાનુંમાલુમ પડશે તો તે પેટે સીલીન્ડરની કિંમત ઉપરાંત આઇ.ઓ.સી. દ્વારા જે દંડ કરવામાં આવે તે રકમકોન્ટ્રાકટરે ભરપાઇ કરવાની રહેશે. તથા આ અંગે સરકારશ્રી/ઓઇલ કંપની તરફથી કોઇ કાનુંની કાર્યવાહીકરવામાં આવશે તો તે અંગે પણ ઇજારદારની જવાબદારી રહેશે

(૧૨) ખાલી ગેસ સીલીન્ડર સાથે સીલીન્ડરની કેપ મેળવીને જમા કરાવવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. જોઆ અંગે ઓઇલ કંપની તરફથી કોઇ રકમની માંગણી કરવામાં આવશે તો કંપની તરફથી નક્કિ થાય તે રકમકોન્ટ્રાકટરને ચુકવવાની થતી મહેનતાણાની રકમમાંથી ચુકવણી વખતે નિગમ વસુલ કરી લેશે.

(૧૩) ગ્રાહક તરફથી બનાવટી (સ્પુરીયસ) સીલીન્ડર મેળવવાને કારણે ઓઇલ કંપની તરફથી જે દંડ કરવામાંઆવે તેની રકમ કોઇપણ જાતની નોટીસ આપ્યા વિના ઇજારદારના બીલમાંથી કાપી લેવામાં આવશે.

(૧૪) ઇજારદારશ્રી દ્વારા એલ.પી.જી. સીલીન્ડરની હોમ ડિલીવરી માટે નિયુક્ત કરવામાં આવતા પ્રત્યેક ડિલીવરીબોયને વજન કાંટો આપવાનો રહેશે તેમજ ગ્રાહકની માંગણી અન્વયે રીફીલનું વજન કરી આપવાનું રહેશેનિયત વજનમાં તફાવત જણાયે ઇજારદારની જવાબદારી નક્કી કરી નિગમ દ્વારા દંડનાત્મક શિક્ષાત્મકપગલા લેવામાં આવશે.

(૧૫) કરાર ખત અંગે સ્ટેમ્પ પેપરનો ખર્ચ ઇજારદારે ભોગવવાનો રહેશે અને જરૂરી નોન જ્યુડીશીયલ સ્ટેમ્પ પેપરઉપર લિખીત કરારનામું લખી આપવાનું રહેશે.

(૧૬) અનિવાર્ય સંજોગોમાં નિગમના સક્ષમ અધિકારી દ્વારા સુચના આપ્યેથી એલ.પી.જી. સીલીન્ડર નિગમનાસ્ટોરેજ ગોડાઉનથી પરિવહન કરી ગ્રાહકના ઘર સંધી પહોંચતા ન કરે તેવા સંજોગોમાં એટલે કે જ્યારેગ્રાહકને એલ.પી.જી. સીલીન્ડર નિગમના શો રૂમ અથવા અન્ય પોઇન્ટ પરથી આપવામાં આવે ત્યારેઇજારદારના મંજુર થયેલ દરના ૫૦% દરથી ચુકવણું કરવામાં આવશે. ઇજારદારે આ અંગે જરૂરી રેકર્ડનિભાવવાનું રહેશે.

(૧૭) આ કરારની કામગીરી અન્વયે કોન્ટ્રાકટરે દૈનિક ઓછામાં ઓછા ૪૦૦ બીલો અથવા નિગમ જે આપે તેસંખ્યાના બીલો નિગમના ગેસ કેન્દ્ર ખાતેથી દરરોજ સાંજે મેળવી લેવાના રહેશે અને સદર બીલ મુજબનાસીલીન્ડરનું વિતરણ બીજા દિવસે જે

તે ગ્રાહકોને કરી તેનો હિસાબ તે જ દિવસે સાંજે ગેસ કેન્દ્ર ખાતેઆપવાનો રહેશે

(૧૮) જો કોન્ટ્રાકટરને આપેલ બીલ મુજબ ગેસ સીલીન્ડરનું વિતરણ નહી કરેતો કોન્ટ્રાકટરના ખર્ચે અને હિસાબેનિગમ ગેસ સીલીન્ડરનું વિતરણ કરવા હક્કદાર રહેશે અને તે માટે થયેલ સઘળા ખર્ચની રકમ નિગમકોન્ટ્રાકટરના બીલ અથવા સીક્યુરીટી ડિપોઝીટમાંથી કાપી લેવા માટે હક્કદાર રહેશે.

(૧૯) સદરહુ કામગીરી બજાવવા માટે ડાયરેકટર ઓફ ટ્રાન્સપોર્ટ દ્વારા બહાર પાડેલા નિયમો અને નિયંત્રણો તેમજમોટર વ્હીકલ એક્ટ ૧૯૩૯ (આઇવીઓબી ૧૯૩૯) અને તે હેઠળ કરવામાં આવેલ સંપૂર્ણ જોગવાઇઓનું પાલનકરવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

(૨૦) કોન્ટ્રાકટર દ્વારા કામે રાખવામાં આવેલ કામદારોને તેમના વેતન, પ્રો.ફંડ તથા વિવિધ મજૂર કાયદાઓ હેઠળઆપવામાં આવતા લાભો વગેરે આપવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.પક્ષકારો વચ્ચે એકું સ્પષ્ટતાપૂર્વકનક્કી થયેલ છે કે કોન્ટ્રાકટર દ્વારા કે તેના કામદારો દ્વારા નિગમ સાથે કોઇ હક્કો કે માંગણીઓ કરવામાંઆવશે નહી.

(૨૧) આ કરારની શરતોના યોગ્ય પાલનની બાંહેધરી પેટે બીજા તરફવાળા કોન્ટ્રાકટર નિગમને નીચે મુજબ લાગુ પડે તેમસીક્યુરીટી પેટે જમા કરાવ્યા બાદ જ ગેસ સીલીન્ડર પરિવહન તથા વિતરણનીકામગીરી નિગમ દ્વારા કોન્ટ્રાકટરને સોંપવામાં આવશે. સદરહુ સીક્યુરીટી ડિપોઝીટ ઉપર નિગમ દ્વારા કોઇપણવ્યાજ ચુકવવામાં આવશે નહી.

| અનું.નં | ગેસ કેંદ્ર | સિક્યોરિટીડીપોઝીટ**ની રકમ(રૂ.)** |
|---|---|---|
| ૧ | ગેસ કેંદ્ર , સુરત | ૧,૩૫,૦૦૦/- |
| ૨ | નવરંગપુરા , અમદાવાદ | ૫૦,૦૦૦/- |
| | | |

(૨૨) રાંધણ ગેસના સીલીન્ડરમાં ઓઇલ કંપનીએ નક્કી કરેલ નેટ વજનથી ઓછું વજન માલુમ પડશે અથવા તોતે પ્રકારની ફરીયાદ મળે અને તેમાં તથ્ય જણાય તો ભરેલા ગેસ સીલીન્ડરના જથ્થાની ઓઇલ કંપની એ જેકિંમત નક્કી કરેલ હોય તેટલી કિંમતનો દંડ અથવા તો જણાયેલ ક્ષતિ/ગેરરીતીના આધારે મૂળ કિંમતથી બેપટ અથવા ત્રણ પટ (બે ગણો અથવા ત્રણ ગણો) દંડ વસુલ કરવાનો નિગમના સક્ષમ અધિકારીને હક્ક રહેશે.

(૨૩) આઇ.ઓ.સી.એલ. દ્વારા આવક થયેલ સીલીન્ડરનું ૧૦૦% વજન કરી જથ્થો ઉતારવા-આપવાના રહેશે. જેનોપ્રતિ સીલીન્ડરનો ભાવ રૂ___પૈસા નક્કી કરવામાં આવેલ છે.

(૨૪) આ કરાર અન્વયે ગેસ સીલીન્ડર પરિવહન અને વિતરણ કરવાની થતી કામગીરી કોન્ટ્રાકટરે રવિવાર તથાબીજી જાહેર રજાઓના દિવસે જો નિગમ દ્વારા સુચના આપવામાં આવે તો કરવાની રહેશે અને તે પેટે કોઇવધારાનું વળતર કે મહેનતાણુ કોન્ટ્રાકટરને મળવાપાત્ર રહેશે નહી.

(૨૫) આ કરારનો સમયગાળો પુરો થતા અથવા કોઇપણ કારણસર કરારનો અધવચ્ચે અંત લાવવામાં આવે તોનિગમ દ્વારા કોન્ટ્રાકટર પાસેથી વસુલ કરવાની થતી રકમ મજરે લઇ અને વધારાની સીક્યુરીટી ડિપોઝીટનીરકમ નિગમ કોન્ટ્રાકટરને ૩૦ દિવસમાં પરત કરશે.

(૨૬) કોન્ટ્રાકટર જો કરારની શરતનું પાલન ન કરે અથવા કોન્ટ્રાકટર ગેસ સીલીન્ડરના પરિવહન અને વિતરણનીકામગીરીમાં કોઇ ગેરરીતી, અનિયમિતતા આચરતા જણાય કે તે બાબતની કોઇ ફરીયાદ નિગમને મળે તોઆ કરાર તાત્કાલિક અસરથી રદ કરવાનો અધિકાર નિગમને રહેશે અને તેવા સંજોગોમાં કોન્ટ્રાકટરે આપેલસીક્યુરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે. તદ ઉપરાંત કોન્ટ્રાકટરના વર્તનથી નિગમને થયેલ આર્થિકનુકશાનની ભરપાઇ કરવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે અને

આ રીતે કરાર રદ થવાને કારણેકોન્ટ્રાકટર નિગમ પાસેથી કોઇ નુકશાની કે વળતર મેળવવા હક્કદાર રહેશે નહી.

(૨૭)ઇજારદારશ્રી જ્યારે ગ્રાહકને ઘર સુંધી રીફીલ પહોંચાડવા જાય ત્યારે ગ્રાહક પાસેથી "કન્ઝ્યુમર બુક" માં ભરેલા સીલીન્ડરનો નંબર બીનચુક દર્શાવવાનો રહેશે.ઉપરાંત અગાઉ અપાયેલ સીલીન્ડર જે ખાલી થયાબાદ પરત લેવામાં આવી રહેલ છે તેની નોંધ બુકમાં થયેલ છે કે કેમ? તેની ખાત્રી કરી બુકમાં નોંધ કરાયેલસીલીન્ડર જ પરત લેવાનો રહેશે

(૨૮) ઇજારદારશ્રી એ રીફીલનું વિતરણ યોગ્ય સમય મર્યાદામાં પૂર્ણ કરી તે માટે રીફીલ પરિવહન માટે ઓછામાંઓછા બે યાંત્રિક વાહનો અથવા સક્ષમ સત્તા દ્વારા જણાવવામાં આવે તેટલી સંખ્યામાં વાહનોની વ્યવસ્થારાખવાની રહેશે

(૨૯) આ કરારનો સમય તા._______થી અથવા તો કોન્ટ્રાકટર કામગીરી શરૂ કરે તે તારીખથી તા_______સુંધીનોરહેશે એટલે કે ઇજારો સોંપ્યા તારીખથી એક વર્ષની મુદત રહેશે.

(૩૦) આ કરારની મુદત પુરી થયેથી નિગમ આજ શરતોને આધિન કરારની મુદત વધુમાં વધુ ૩(ત્રણ) માસ માટેકામગીરી કરવા માટે બંધાયેલા રહેશે.

(૩૧) આ કરારના અર્થઘટન સંબંધી કોઇ વિવાદ ઉભો થશે તો નિગમના મેનેજીંગ ડીરેકટરશ્રીનો નિર્ણય આખરીગણવાનો રહેશે. અને તે નિર્ણય કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે.

(૩૨) ઇજારો પુરો થતા નિગમને યોગ્ય લાગશે તો ઇજારાની મુદત પુરી થયા બાદ એક વર્ષ માટે (ઇજારો) નીમુદત લંબાવી આપવા ઇજારદારશ્રીની કામગીરીની સમીક્ષા કરી ઇજારો લંબાવવા નિર્ણય કરવા સમિતિનેસત્તા રહેશે.(જુના ભાવ/નવી શરતોએ)

(૩૩) કલમ નંબર ૨૨ અન્વયે યા તો તે સિવાય નિગમે/ઓઇલ કંપનીએ નક્કી કરેલા તથા ઇજારદારે પાળવાનાનિયમોમાં ગેરરીતી/ક્ષતિ જણાશે તો પીનલ કાર્યવાહી કરવાનો અબાધિત અધિકાર નિગમના સક્ષમઅધિકારીને રહેશે.

(૩૪) આઇ.ઓ.સી.એલ. કંપની દ્વારા વખતો-વખત અપાતી તમામ સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૩૫) કોન્ટ્રાકટર લેબર નિયમન અને નાબુદી ધારો-૧૯૭૦ ની જોગવાઇઓનું અમો કોન્ટ્રાકટરે પાલન કરવાનુંરહેશે.

(૩૬) (૧) લઘુત્તમ વેતનધારા ની જોગવાઇઓ મુજબ મજુરોને નિયત કરેલ વેતન કરતા ઓછુ વેતન ચુકવવામાંઆવશે તો તેની જવાબદારી અમો કોન્ટ્રાકટરની રહેશે.
(૨) કોન્ટ્રાકટર પ્રો.ફંડ (નિયમ-૧૯૫૨ મુજબ) અમો કોન્ટ્રાકટરે ભરવાનો રહેશે.
(૩) કોન્ટ્રાકટર જો ભાગીદારી પેઢી, કો.ઓ.સોસાયટી, એજન્સી વિગેરે હોય તેવા કિસ્સામાં સર્વિસ ટેક્ષઉઘરાવવા તેમજ ભરપાઇ કરવાની જવાબદારી તેઓની છે. આ અંગે નિગમની કોઇ સીધી જવાબદારીથતી નથી.

(૪) દરેક ધારાઓના પાલન અંગે રાખવાના થતા રેકર્ડ સંપૂર્ણપણે અદ્યતન રાખવાની જવાબદારી અમોકોન્ટ્રાકટરની રહેશે અને નિયત પત્રકમાં જરૂરી વિગત માસવાર આસી. મેનેજર (કો.કે.) દ્વારા નાયબજીલ્લા મેનેજરશ્રીને રજુ કરવામાં આવશે.
(૫) દરેક ધારાઓ અંગે જે લાયસન્સ લેવાનું થાય તે મેળવી લેવાનું, નિયમોનુંસાર મજુરોને સુવિધાઆપવાની રહેશે, તેની જવાબદારી અમો કોન્ટ્રાકટરની રહેશે.
(૬) મજુરધારાની હાલની જોગવાઇઓ તથા ત્યારબાદ તેમાં સરકારશ્રી તરફથી જે ફેરફાર થાય તે મુજબઅમલ કરાવવાની જવાબદારી અમો કોન્ટ્રાકટરની રહેશે.

(૩૭) આ કરાર હેઠળ કોન્ટ્રાકટર નીચેની બાબતો સ્વીકારીએ અને અમોને બંધનકર્તા રહેશે.
-૧- અમોએ મજુરી કામ માટે રોકેલ મજુરોને જુદા જુદા મજુરોને જુદા જુદા મજુર કાયદાઓ અન્વયે કોન્ટ્રાકટરલેબર નિયમન અને નાબુદી ધારો -૧૯૭૦ જેવી કે પ્રો.ફંડ, બોનસ, ગ્રેજ્યુઇટી, રજાઓ વિગેરેની અમારીસંપૂર્ણ જવાબદારી રહેશે. કોર્પોરેશનને

અમારા કર્મચારીઓ વતીથી કોઇ નાણાંકીય જવાબદારી અદા કરવાનીથાય તો તેની સંપૂર્ણ રકમ અમારા બીલ કે ડિપોઝીટ માંથી વસુલ કરવાને હક્કદાર રહેશે. અમોએ રાખેલમજુરો કોર્પોરેશનનાં કર્મચારીઓ ગણાશે નહી.

-૨- અમો ગેસ ડીલીવરી/પરિવહન ઇજારદાર કોઇપણ પ્રકારના ગુનાહિત કૃત્યો તેમજ અસામાજીક પ્રવૃત્તિ સાથેસંકળાયેલ નથી તથા અમારી સામે પોલીસ કેસ તેમજ પાસા કે અન્ય કોઇ ગુન્હો નોંધાયેલ નથી.

(૩૮) ભવિષ્યમાં નિગમ ગેસ એજન્સી આઇ.ઓ.સી.એલ.કંપની ને પરત કરેતો તે બાબતે અમોને કોઇ વાંધો નથીજે બાબતે આ શરત અમોને બંધનકર્તા રહેશે

.

ઉપરોક્ત કરાર આજરોજ તા.__________ના રોજ અમદાવાદ/સુરત ખાતે આ કામના બંને પક્ષકારોએ વાંચી,વંચાવી સમજી,વિચારી અને પોતાની અક્કલ/ હોંશિયારીથી કરેલ છે અને યથાર્થ પાલન સારૂ બંને પક્ષવાળાઓ બંધાયેલ છીએ.

સ્થળ: અમદાવાદ/સુરત

તારીખ:______________

અત્રે ___________________________મત્તુ  તત્રે ____________________ શાખ

૧. એક તરફવાળા (લખી આપનાર)  (સાક્ષી)

___________________________  ______________________________

(સહી/સિક્કો)

૨. બીજી તરફવાળા (લખાવી લેનાર)  (સાક્ષી)

___________________________  ______________________________

(સહી/સિક્કો)